નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ખીલે તે કરમાય છે,સર્જાય તે લોપાય છે.
જે ચઢે તે પડે ,એ નિયમ બદલાતા નથી !
- પ્રભુલાલ દ્વિવેદી

પાથેય

- રમેશ ઠક્કર

હૃદયના ક્ષુબ્ધ પ્રેમી....

ઓચિંતું પણ ઘણીવાર અઢળક મળી જતું હોય છે.શરત એટલી જ કે આપણામાં સભાનતા હોવી જોઇએ.એવું પણ કહેવાય છે કે જેની જેવી દ્રષ્ટિ એવી જ સૃષ્ટિ એને મળી રહે છે.આપણી આસપાસ કેટકેટલી અજાયબીઓ આકાર લઈને પડી હોય છે..કેટલાય માણસો અવનવું કામ કરી રહયા હોય છે..આપણા ગામ કે નગરમાં અનેક જૂની વિરાસત કે પરંપરાઓ પણ હોય છે..સામાન્ય રીતે આપણે જરૂર ના હોય એવી કોઇપણ બાબતે ઝાઝી દિલચસ્પી ધરાવતા હોતા નથી.

વિરપુર જલારામ બાપાના કારણે જગવિખ્યાત છે..દર્શન કર્યા પછી આ વખતે નાનકડા આ ગામની શેરીઓમાં સ્હેજ લટાર મારવાનું મન થયું..એક વળાંક આગળ અચાનક જ પગ થંભી ગયા..ત્યાં દિવાલ ઉપર એક સરસ તકતી લગાડેલી હતી..એ શેરીનો નામ આપવામાં આવેલું હતું... 'કવિ પ્રભુલાલ માર્ગ' અને એક આશ્ચર્ય થયું..કોણ હશે આ સદભાગી કવિ ? જે આ ગલીમાં જન્મ્યા હશે ?

કુતૂહલની કેડીએ જઇને શોધી કાઢ્યું કે એ કવિ એટલે જૂની રંગભૂમિના પ્રસિધ્ધ ગીતકાર પ્રભુલાલ દ્વિવેદી.!એમના વિશે ઘણું જાણેલું..એમનાં ગીતો અને નાટકોની બોલબાલા હતી..જુના સમયમાં એક નાટક જબરજસ્ત ચાલેલું..એનું નામ હતું 'વડીલોના વાંકે.'એના લેખક એટલે આપણા આ કવિ...જેમની શેરીમાં હું અચાનક આવી ચડ્યો હતો..રોમાંચ મારામાં ઘેરાઇ વર્ષો હતો..

પ્રભુલાલ દ્વિવેદીનો જન્મ ૧૫ નવેમ્બર ૧૮૯૨માં આ નગર એટલે કે વિરપુરમાં થયેલો.વિરપુરમાં આ જ સમયમાં જાણીતા લેખક 'ધૂમકેતુ' નો જન્મ પણ થયેલો..એ રીતે જોઇએ તો આ ધરતી સમૃધ્ધ ગણાય..ધૂમકેતુને જાણનાર તો થોડાઘણા અહીં મળ્યા પરંતું આવડા મોટા કવિ આ ગામના છે એવી કોઇનેય ખબર ન હતી..! આ તો જગતનો નિયમ છે કે પોતાના જ ગામનો કે નજીકનો માણસ હોય એ ગમે તેટલો મહાન હોય એની કિંમત હંમેશાં બહારના લોકો જ કરતા હોય છે..અને કલાકારોને તો એવી પરવા પણ કયાં હોય છે ? કવિના શબ્દો જુઓ..

'હૃદયના ક્ષૂબ્ધ પ્રેમીને નિગમનાં જ્ઞાન ઓછાં છે,
ન પ્રવાહ મોતની કિંતું બધાં સન્માન ઓછાં છે..!'

હૃદયના તરબતર પ્રેમી એવા આ સર્જકની યાદોનેએક નિર્જીવ તકતીએ જીવંત બનાવી દીધી..એમની જ એક રચના મારા મનમાં પડઘાઇ રહી હતી 'એકસરખા દિવસ સુખના કોઇના જાતા નથી,એથી જ શાણા સાહ્યબીમાં લેશ ફેલાતા નથી..!' એવી જ એક સુંદર રચના.'મીઠા લાગ્યા તે મને આજના ઉજાગરા,જોતી'તી વ્હાલાની વાટ,અલબેલા કાજે ઉજાગરો'

પ્રભુલાલ કવિ તરીકે તો જાણીતા હતા જ..નાટયકાર તરીકે પણ એટલા જ લોકપ્રિય..'માલવપતિ મુંજ ' એમનું શ્રેષ્ઠ પ્રદાન.જેના ઉપરથી ગુજરાતી ફિલ્મ પણ બની.'શંકરાચાર્ય ', 'અરૂણોદય' જેવાં નાટકોની પણ બોલબાલા હતી..૧૯૬૧માં ભારત સરકારે એમને શ્રેષ્ઠ નાટયકાર તરીકે એવોર્ડ આપી સન્માનિત પણ કરેલા.

તારીખ ૩૧જાન્યુઆરી ૧૯૬૨ના રોજ આ મહાન કલાકાર મુંબઈમાં દેહવિલય પામ્યા..સૌરાષ્ટ્રના એક નાનકડા ગામમાંથી નિકળી ગુજરાતી રંગભૂમિના વિશાળ ફલક ઉપર છવાઇ ગયેલા આ કવિની પૂણ્યતિથિએ શબ્દોની આટલી અંજલિ એ મહાન આત્માને વંદન સહ અર્પિત કરીએ.

ક્યાં છે એ શાશ્વત શહીદ

તંત્રીસ્થાનેથી...

મહાત્મા ગાંધીની શહીદીના દિવસને શહીદ દિન તરીકે ઊજવવાની પરંપરા હજી ચાલુ રહી છે તે આશ્વાસક બાબત છે. હિંદુત્વના ધ્વજદારીઓએ મહાત્માની હત્યાને વાજબી ઠેરવવામાં કોઈ કસર નથી છોડી. ગોડસેની પૂજા થવી જોઈએ એવું માનનારો એક વર્ગ પણ એની વિચારધારાને વાચા આપી શકે એવી 'આઝાદીના દિવસો' ચાલી રહ્યા છે ત્યારે દલાઈલામા જેવા પ્રબુદ્ધ ધર્માધ્યક્ષે મહાત્મા વિશે ઉચ્ચારેલાં વેણ જરૂર ગાંધી વિચારની ચિરંજીવિતાને એક નવો જ આયામ આપે છે. ગાંધીજી કોઈને કહેવા નહોતા ગયા કે મને 'રાષ્ટ્રપિતા' તરીકે બિરદાવજો અને ચલણી નોટો કે સિક્કાઓ પર મારી છબી કોતરાવજો. એમનું ચાલે તો સ્વર્ગમાં બેઠા બેઠા એ પોતાની પ્રતિમાઓ તોડી પાડે અને નાણાંનાં ચલણમાંથી તેમજ વિવિધ માર્ગો પરથી અને નગરો સાથે જોડાયેલું એમનું નામ ધરાર ભૂંસી નાખે. આપણે મૂર્તિપૂજક પ્રજા છીએ. કોંગ્રેસનાં સર્વોચ્ચ અને સર્વમાન્ય નેતા તરીકે મહાત્મા ગાંધીની અહિંસક વિચારસરણી મુજબનું સુદીર્ઘ આંદોલન ચાલ્યું અને દેશ આઝાદ થયો. ૧૯૪૨માં મહાત્માએ 'ક્વિટ ઈન્ડિયા' - 'ભારત છોડો' નો નારો આપીને અભૂતપૂર્વ હિંમત દાખવી હતી. આખો દેશ એ 'અર્ધનગ્ન' ફકીરની સાથે થઈ ગયેલ હોઈ બ્રિટિશ સરકાર એને જેલમાં તો પૂરતી રહી પણ સમયાંતરે દેશના સર્વમાન્ય પ્રતિનિધિ તરીકે એમની સાથે ચર્ચાવિચારણા પણ કરતી રહી. પોતડી પહેરીને બ્રિટિશ રાજનેતાઓ સાથે ગોળમેજીમાં બેસવાની કહેવાતી 'ગેરશિસ્ત' કે ગુસ્તાખી છતાં નામ એમને કોઈએ રોકયા કે ના ટોકયા. વેર તો એમની સાથે એમના જ હિંદુ ધર્મવાળાઓએ વાળ્યું હતું. એણનાથી 'હે રામ!' સિવાય વધુ એક શબ્દ પણ બોલી શકાયો હોત તો એમણે પોતાના હત્યારાને માફ કરી દેવાની હાથ જોડીને માગણી કરી હોત. અહિંસાનો અતિરેક જેમના ગળે ન ઊતરી શકયો એવા ઉગ્રવાસી દેશભક્તોએ પણ શહીદી તો વહોરી, પણ એમને રાજ તરફથી ફાંસીના માંચડે ચડાવાયા કાં તો તોપનાં નાળચે બાંધી ઉડાવી દેવાયા હતા. શહીદ ગાંધી પણ છે અને શહીદ ભગતસિંહ પણ છે. બેઉનો ઉદ્દેશ આઝાદી મેળવવાનો જ હતો. આઝાદીનું શ્રેય એકલા ગાંધીને અપાય એ પણ યોગ્ય નથી. એના માટે સમાંતર હિંસક માર્ગે આઝાદી મેળવવા મથતો એક બહુ જ મોટો વર્ગ હતો જેને ખબર હતી કે આપણે અંજામ કાં તો કાળાપાણીની સજા સ્વરુપે આવશે કાં તો ફાંસીને માંચડે ! ગાંધીનો માર્ગ શાંતિપ્રિય જનસમુદાયને અને ખુદ બ્રિટિશ રાજને પણ ગમ્યો, એથી બ્રિટિશ રાજ હસ્તકના કોમનવેલ્થ દેશોથી લઈ અમેરિકા જેવી મહાસત્તાએ પણ ગાંધીમાર્ગને જ જીવન જીવવાનો શ્રેષ્ઠ માર્ગ માની એમની પ્રતિમાઓ મૂકી અંજલી આપવાનું પસંદ કર્યું છે. ગાંધી હત્યાની દરેક વરસી ગાંધીની કલ્પનાનું ભારત ચીલો ચાતરીને કોઈ ભળતી જ દિશા તરફ જઈ રહ્યું હોવાની પ્રતીતિ કરાવે છે. હવે ગાંધીના પોટ્રેટ, એમનાં ભીંતચિત્રો અને માર્ગો, ભવનો કે એમના વિશેના વ્યાખ્યાનો સિવાય ગાંધી કયાંક બચ્યા નથી તે હકીકત કેવી પીડાદાયક છે! માનવજાત એના મહાપુરુષોને આદિઅનાદિથી શહીદ કરતી રહી છે. આજે જરા અંતરમાં ઊંડા ઊતરીને ખુદને ઢંઢોળીએ. પૂછીએ પોતાના ડંખને : ક્યાં છે એ શાશ્વત શહીદ ?

દિન મહિમા

- ૧૯૬૯ - બનાસ ડેરીની સ્થાપના (સહકારી કાયદા હેઠળ 'બનાસકાંઠા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લિ. પાલનપુર' તરીકે નોંધણી)

આજનું

ઔષધ

- અડધા કપ જેટલા કારેલાનાં રસમાં એક ચમચી મધ મેળવીને પીવાથી કફજ્વર એટલે કે વાઈરલ ફ્લ્યુ મટે છે.

ખડખડાટ

- અત્યારે ઠંડુ પાણી પીએ ને તો એ પાણી ક્યાં સુધી પહોચ્યું એ પણ લોકેશન સાથે ખબર પડી જાય હો...

આજનો

વોટ્સએપ

- જે ઈશ્વર અચાનક વાતાવરણ બદલી શકતો હોય... એ ગમે ત્યારે પરિસ્થિતિ પણ બદલી શકે છે.

જાહેરખબરો બનાવનારની સર્જનક્ષમતા અને કાબેલિયત આપણા સુધી હૃદયસ્પર્શી સંદેશ પહોંચાડે છે

ઈસ્તેહારોં કા શહર હૈ શાયદ,
ઈસ મેં સિર્ફ ઈસ્તેહાર રહેતે હૈ!
દેખો ઉસ આદમીને મુંહ ખોલા
જીભ નંગી હૈ,
ગોંદ સે આએ ઉસ પે ઈસ્તેહાર ચિપકા દે!

- ગુલઝાર

આજનો યુગ એ માર્કેટીંગનો યુગ છે. અહીં બધું જ વેચાય છે અને બધું જ ખરીદાય પણ છે; બસ શરત માત્ર એટલી કે તમારી માર્કેટીંગ સ્કીલ જબરદસ્ત હોવી જોઈએ. આપણી ભાવનાઓને સ્પર્શી લેતી આ જાહેરખબરો આપણને લલચાવીને એક પોકળ ભ્રમિત સ્વપ્નસૃષ્ટિમાં દોરી જાય છે. આ જાહેરખબરની દુનિયાનું વશીકરણ ગજબ હોય છે. એ તમને મોહી લે છે, ખિસ્સાને પરવડે એમ ન હોય તો પણ મોંઘીદાટ ચીજવસ્તુઓ ખરીદવા મજબૂર કરી દે છે. કોઈ કારણોસર એ વસ્તુ ન ખરીદી શકાય તો મનમાં એક જાતની બેચેની અનુભવાય છે અને એમાંય હવે તો સરળ હપ્તા, ઝીરો ટકા ફાઈનાન્સ વગેરે તરત તમારી વહારે દોડી આવે છે. પણ સરવાળે તો આ બધી વસ્તુઓનો મોહ થોડા જ સમયમાં ઓછો થઈ જાય છે. મોટા મોટા સુપરસ્ટાર ખેલાડીઓ અને સેલિબ્રિટીઝ ઘરમાં વપરાતી સાવ નાની એવી ચીજવસ્તુઓની જાહેરાત કરતા હોય છે. એના માટેના એમને તો અઢળક પૈસા મળતા હોય પણ સાધારણ વર્ગ માટે એ લલચાવનારી ઑફર ઘણી ભારે પડી શકે છે.

જાહેરખબરના આ વિશ્વમાં નવી વસ્તુ ઉમેરાઈ છે અને તે છે સંબંધો, ભાવનાઓ અને સંવેદનાઓનું માર્કેટિંગ. જાહેરાત જોઈને ઘણીવાર આંખો છલકાઈ જાય એટલું ભાવુક બની જવાતું હોય છે. જો કે, આ પ્રકારની જાહેરખબરો બનાવનાર અને જેના મનમાં આ પ્રકારના સર્જનાત્મક (innovative ideas) વિચારો આવે છે, તે ખરેખર કાબિલેતારીફ છે. માત્ર બે જ મિનિટમાં તમારી પ્રોડક્ટ, એ શા માટે વાપરવી અને એની સાથેનું emotional attachment થઈ જાય એવું કંઈક create કરવું એ ખરેખર ખૂબ મુશ્કેલ બાબત છે. લાંબી-લાંબી ત્રણ કલાકની ફિલ્મો પાછળ ખર્ચાતા men power થી લઈને બજેટ સુધી બધું જ આ જાહેરાતોથી ઘણું બધું હોવા છતાં આ ટચુકડી જાહેરખબર ઘણીવાર વધુ અસરકારક અભિવ્યક્તિ કરવામાં ફિલ્મો કરતાં પણ વધુ સફળ પુરવાર થાય છે. ફિલ્મો એ સમાજનું પ્રતિબિંબ હોય અને તેના દ્વારા કોઈ મેસેજ લોકો સુધી પહોંચે એ રીતે તેને બનાવવાનો પ્રયાસ કરવામાં આવતો હોય છે. પણ આ જાહેરખબરો બનાવનારની સર્જનક્ષમતા અને કાબેલિયત કેટલીક વાર ખૂબ હૃદયસ્પર્શી સંદેશ આપણા સુધી પહોંચાડતી જાય છે.

જાહેરાતોની જેમ જ WhatsApp કે Facebook પર વાઈરલ થતા મેસેજીસ અને વીડિયોઝ પણ ખૂબ વેધક અને touchy હોય છે. આપણામાં રહેલી સુષુપ્ત માનવતા, આપણું ગેરવર્તન કે આપણી કોઈ કુટેવ આપણી સમક્ષ લઈ આવવાની અને આપણને અરીસો બતાડવાની ક્ષમતા આ પ્રકારના મેસેજીસ અને વીડિયોઝમાં હોય છે. તેમાં એકાદ-બે ઉદાહરણ આપું તો હમણાં ૨૬ જાન્યુઆરી આસપાસ સોશિયલ મીડિયા પર દેશભક્તિનો જુવાળ ઉમટ્યો હોય એ પ્રકારે મેસેજીસ વાઈરલ બન્યા. DP, Profile માં તિરંગો અને તેની સાથે બંધબેસતું status આ બધું આપણે જોયું અને અનુભવ્યું. પણ ૨૭મી જાન્યુઆરીએ આવેલો આ મેસેજ બે ક્ષણ માટે આપણને વિચારતા કરી મૂકે એવો આવ્યો : "સો જાયેગી કલ લિપટકર તિરંગે કે સાથ અલમારી મેં... દેશભક્તિ હૈ સાહબ.. તારીખો પર જગતી હૈ..."

તે જ રીતે **RJ** નાવેદનો એક ઓડિયો પણ ખૂબ જ પ્રચલિત બન્યો કે જેમાં તેણે કહ્યું કે border પર જેટલા પણ જવાનો આ દેશની રક્ષા કરી રહ્યા છે તે strike પર ઉતરી જાય કે સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને ઘરે પરત આવી જાય તો? તમે વિચાર્યું છે ક્યારેય કે માત્ર તેમને મળતી salary માટે જ નહિ પણ તેમનામાં રહેલી દેશદાઝની પૂર્તિ માટે તેઓ ત્યાં ફરજ નિભાવી રહ્યા છે. અને આ વાત આપણને વિચારતા કરી મૂકે. ફોરવર્ડેડ મેસેજ હોય કે આ પ્રકારના વીડિયોઝ કે ઓડિયોઝ તેને વાંચ્યા પછી, જોયા પછી કે સાંભળ્યા પછી ક્ષણવાર માટે આપણા રૂંવાટા ખડા થઈ જાય છે, આપણી સંવેદનાઓ જાગૃત બની જાય છે.

આજના આ જેટ યુગમાં બાળકો પાસે વાર્તાઓ સાંભળવાનો કે વડીલોને વાર્તાઓ કહેવાનો સમય રહ્યો નથી. તો એમાં પણ WhatsApp પર 'આજની વાર્તા એમ કહીને રોજ સવારે શેલેષ સત્પરીયાનો જે audio આવે છે તે નાના-મોટા સૌ સાથે બેસીને સાંભળે છે અને એ બહાને વિચારોનું આદાન-પ્રદાન થાય છે. નિયમિતપણે આપણા સુધી આ બેથી ત્રણ મિનિટની વાર્તા અને તેના દ્વારા એક મેસેજ, એક સદ્‌વિચાર આપણા સુધી પહોંચાડવા બદલ શૈલેષભાઈને સો-સો સલામ. બીજા અનેક ફિલ્મી ગીતો, જોક્સ, સારા-નરસા મેસેજીસ આ તમામની વચ્ચે આવી કેટલીક હકારાત્મક બાબતો પણ છે કે જે આપણને social mediaનું ઉજળું પાસું દર્શાવી જાય છે. તો આવા સુંદર, હૃદયસ્પર્શી, ઉપયોગી અને વેધક મેસેજીસ બનાવનારને, એ વિચાર જેના મનમાં સ્ફરે છે અને જે કોઈ એને આપણા સુધી પહોંચાડે છે એ તમામને ખૂબ-ખૂબ અભિનંદન અને આભાર..

Last Seen
જાહેરાત લક્ષ્યની નોતરે શંકા સફળતા વિષે ?
પારપડે જરૂર લક્ષ્ય દોડતા ન વિચારે ફળ વિષે.
મારા તારા નાં ભેદ છોડી,નિષ્ઠા પૂર્વકના વ્યવહારો
કર્તવ્ય સમજી, કરેલ કાર્યો આપે સઘળી સફળતા

- પ્રહેલાદભાઈ પ્રજાપતિ

- nehalgadhavi101@gmail.com

ભારતીય સંવિધાનની ટૂંકી સમજૂતી તથા તેનાં સંબંધીત સંસદીય શબ્દોની સરળ સમજ

તાજેતરમાં આપણે ૭૩માં પ્રજાસત્તાક દિવસની ઉજવણી કરી. પ્રજાસત્તાક દિવસ એટલે ભારતીય સંવિધાનની અમલીકરણની ઉજવણીનો દિવસ. ૨૬મી જાન્યુઆરીને ભારતનાં પ્રજાસત્તાક દિવસ તરીકે ઉજવવામાં આવે છે. આ જ દિવસે એટલે કે ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦નાં રોજ ભારતનાં સંવિધાનને લોકતાંત્રિક સરકાર પ્રણાલી સાથે અમલમાં મુકવામાં આવ્યું હતું. આપણા ભારત દેશે ૧૫મી ઓગસ્ટ, ૧૯૪૭નાં રોજ અંગ્રેજોનાં આધિપત્યમાંથી આઝાદી મેળવી હતી, પરંતુ ભારત પાસે તેનું કાયમી બંધારણ નહોતું. ૧૯૪૭માં ભારતની આઝાદી બાદ ૯ ડિસેમ્બર, ૧૯૪૭નાં રોજ સંવિધાન સભાની જાહેરાત કરવામાં આવી હતી અને તે સભા ૨ વર્ષ, ૧૧ માસ અને ૧૮ દિવસ ચાલી હતી, જે સંદર્ભે ડૉ. આંબેડકરનાં નેતૃત્વ હેઠળ એક સમિતિનું ગઠન કરવામાં આવ્યું અને ૩૦૮ સભ્યોની બંધારણ સભાએ ૨૪મી જન્યુઆરી, ૧૯૫૦ના રોજ હસ્તલીખીત દસ્તાવેજો પર હસ્તાક્ષર કરીને બે દીવસ બાદ એટલે કે ૨૬મી જાન્યુઆરી, ૧૯૫૦ના દિવસે ભારતનું બંધારણ અમલમાં આવ્યું અને તે દિવસ ઈતિહાસનાં પાને સૂવર્ણ અક્ષરે નોંધાઈ ગયેલ અને તે સમયે ભારતનાં પ્રથમ અને અંતિમ ગવર્નર જનરલ સી. રાજગોપાલાચારીએ પોતાના પદથી રાજીનામું આપી અને ડૉ. રાજેન્દ્રપ્રસાદને ભારતનાં પ્રથમ રાષ્ટ્રપતિ તરીકેની નિમણૂક કરવામાં આવી. તાજેતરમાં ઉજવેલા ૭૩માં પ્રજાસત્તાક દિવસ નિમિત્તે આપણા સંવિધાનનાં એવા શબ્દો કે જેની સામાન્ય જનતાને સમજ મળે તે આશયથી સંસદીય શબ્દોની સરળ સમજ અત્રે રજુ કરેલ છે.

સભા મોકુફી પ્રસ્તાવ : સભા મોકુફી પ્રસ્તા એટલે મુખ્ય હેતુ જાહેર હિતની મહત્વપૂર્ણ બાબત અંગે ગૃહનું ધ્યાન ખેંચી તેનો સ્વીકાર કરાય તો સામાન્ય રીતે ગૃહનું કામકાજ મોકુફ રાખીને તે બાબત હાથ ઉપર લેવાય તે માટે ૫૦ સભ્યોની સહિની સંમતી જરૂરી છે.

ધ્યાનાકર્ષક પ્રસ્તાવ : અધ્યક્ષની પરવાનગીથી જયારે કોઈ સભ્ય સાર્વજનીક મહત્વના વિષય તરફ કોઈ મંત્રીનું ધ્યાન દોરે તેને લગતો પ્રશ્ન કરે તો તે ધ્યાનાકર્ષક પ્રસ્તાવ કહે છે જેનો સબંધીત મંત્રી ટૂંકો પ્રસ્તાવ રજુ કરે છે. આ પ્રસ્તાવ ૧૯૫૪ થી આવ્યો.

કામ રોકો પ્રસ્તાવ : કોઈપણ સભ્ય દ્વારા કોઈ મહત્વપૂર્ણ એવા સાર્વજનીક વિષય પર વિચાર કરવા માટે સદનની ચાલુ કાર્યવાહીને અટકાવવા કરાયેલ પ્રસ્તાવને કામ રોકો પ્રસ્તાવ કહે છે.

કાપ દરખાસ્ત : ખાસ કરીને બજેટની ચર્ચામાં નાણાકીય બાબતોને ચોક્કસ રકમનો કાપ મુકવાની દરખાસ્ત સૂચવાય છે. કાપ દરખાસ્ત પસાર થાય તો સરકારે રાજીનામું આપવું પડે છે. (૧) નીતિકાપ (૨) ટોકન કાપ અને (૩) કરકરસ કાપ એમ ત્રણ પ્રકારની કાપ દરખાસ્તોની બંધારણમાં જોગવાઈ છે.

અવિશ્વાસ પ્રસ્તાવ : સરકાર તરફનો અવિશ્વાસ રજુ કરવા માટે વિપક્ષ આ પ્રસ્તાવ રજુ કરે છે. ત્યારબાદ વિચાર વિમર્શ કરી કાર્યસૂચીમાં સામેલ કરવા મતદાન દ્વારા નક્કી થાય છે. આ પ્રસ્તાવ પસાર થાય તો સરકારે રાજીનામું આપવું પડે છે.

વિશેષાધિકાર પ્રસ્તાવ : કોઈ મંત્રીએ હકિકતો છુપાવી કે ખોટી રીતે દર્શાવીને સંસદ સભ્યોનો વિશેષાધિકાર ભંગ કર્યા હોય તો આ વિશેષાધિકાર પ્રસ્તાવ રજુ કરી શકાય છે.

ગીલોટીન : ૧૭૮૯ ની ક્રાંતી બાદ ફ્રાન્સમાં કોઈ ગુન્હેગારને કે શંકમંદને મૃત્યુદંડ આપવા માટે વપરાતો, જયારે ભારતમાં કોઈ ખરડા પર વધુ ચર્ચાને અવકાશ ના હોય ત્યારે મતદાન થકી અધ્યક્ષ પ્રશ્નોનો નિકાલ લાવે તેને ગીલોટીન પ્રસ્તાવ ગણાય છે.

તારાંકિત પ્રશ્ન : જે પ્રશ્ન પર તારાંક લગાવીને પ્રશ્નને વિશેષાંકિત કરીને આ પ્રશ્નોનો ઉત્તર જે તે સભ્ય સદનમાં મેળવે છે.

બિન તારાંકિત પ્રશ્ન : સભ્ય આ પ્રશ્નોનો ઉત્તર લેખીતમાં મેળવવા ઈચ્છતો હોય તો તેને બિન તારાંકિત કહે છે.

શૂન્ય કાળ : જાહેર હિતના પ્રશ્નોને કોઈ સૂચના સીવાય કારોબારીને પુછાય છે. સંસદના બન્ને ગૃહોમાં પ્રશ્નકાળ પછીના સમયને શૂન્ય કાળ કહે છે. પ્રશ્ન કાળ ૧૨ કલાકનો હોય છે. જે પુરો થતા શૂન્ય કાળ શરૂ થાય છે.

વોટ ઓફ ક્રેડીટ : ભારતના બંધારણમાં યુધ્ધ કે આક્રમણ જેવા આકસ્મીક ખર્ચને પહોંચી વળવાના આશયથી સંસદને આવી નાણાકીય સત્તા આપવામાં આવી છે. બે માસ માટે સંસદ સરકારને બહાલી આપે છે. આ રીતે મેળવેલ નાણા નિયમિત અંદાજપત્રમાં રજુ કરવાનો રહે છે. સંસદમાં કલમ ૧૧૬ મુજબ ખરડો પસાર કરવો પડે છે.

કોરમ : સંસદ ચલાવવા માટે જરૂરી ૧/૧૦ જેટલી કુલ સભ્યોની સંખ્યાની હાજરીને કોરમ ગણાય છે.

પ્રોટેમ સ્પીકર : અધ્યક્ષની ગેરહાજરીમાં અન્ય સ્પીકર જે ગૃહની કાર્યવાહી સંભાળે તેને પ્રોટેમ સ્પીકર કહેવાય. પ્રથમ વખત ચુંટાયેલ સભ્યોમાંથી એક વરિષ્ઠ નેતાને કામચલાઉ અધ્યક્ષ તરીકે નિમી ગૃહની કાર્યવાહી ચલાવાય છે. કાયમી અધ્યક્ષ આવતા આવા અધ્યક્ષ તેમને કાર્યભાર સોંપે છે.

અર્ધા કલાકની ચર્ચા : સંસદમાં રજુ થયેલ પ્રશ્નોની મૌખીક કે લેખીત જવાબ આપ્યા બાદ વધુ ચર્ચા કરવા સભ્યને સદનના ત્રીસ દિવસની પૂર્વે લેખીત પરવાનગી આપવામાં આવે છે જે ચર્ચાને લોકસભામાં અર્ધા કલાકની ચર્ચામાં ઉઠાવી શકાય છે.

સેક્રેટરી જનરલ : આ હોદ્દો સંસદમાં રાજકારણથી અલીપ્ત હોય છે, તેમની નિયુક્તી અધ્યક્ષ કરે છે. નિવૃત્તિ વય ૬૦ વર્ષની હોય છે. તેઓ લોકસભામાં કાયમી અધિકારી છે તેમનું કામ અધ્યક્ષ અને ગૃહને સાંકળવાનું હોય છે. તેઓ રાષ્ટ્રપ્રમુખના આદેશથી સભ્યોને ગૃહમાં હાજર રહેવા આદેશ આપે છે. સંસદના કામકાજનો હિસાબ અને રેકર્ડ તેઓ રાખે છે. તમામ ખરડાઓ રાષ્ટ્રપતિની સહિમાં સેક્રેટરી જનરલ દ્વારા મોકલવામાં આવે છે, તેમજ સંસદની કાર્યવાહીના પુસ્તકો અને સંશોધન વિભાગ ચલાવે છે, નિભાવે છે અને અપડેટ કરે છે. રેકર્ડ વ્યવસ્થીત રાખે છે. સંસદના સભ્યો માટે તાલીમ વર્ગો તથા સેમીનારનું આયોજન કરી નવા સભ્યોને ગૃહની પરિભાષા, ગરીમા તથા નિતિ નિયમોથી અવગત કરાવે છે. રાજય સભાના સેક્રેટરી જનરલ પણ આજ રીતે કાર્યભાર સંભાળે છે. સભ્યો અને સંસદની કાર્યવાહી વચ્ચે એકરૂપતા જાળવી મજબુત સાંકળનું કામ જનરલ સેક્રેટરીનું છે. જેઓ બંધારણ તથા કાયદાના પાલન કર્તા હોય તે આવશ્યક છે.

આ તો માત્ર એક જાંખી છે, આપણા દેશ ભારતનાં સંવિધાનની. ભારતનાં સંવિધાનની રસપ્રદ બાબત એ છે કે, આપણા ભારતનું બંધારણ એ વિશ્વમાં સૌથી લાંબુ લખાયેલ બંધારણ છે, જે ૨૨ ભાગ અને ૩૯૫ અનુચ્છેદોમાં વહેંચાયેલ છે. તેથી ભારતનાં દરેક નાગરિકોએ આપણા દેશ પ્રત્યે તથા આપણા દેશનાં સંવિધાન પ્રત્યે કર્તવ્યનિષ્ઠ બની રહીએ અને દરેક નાગરિક દેશ પ્રત્યે વફાદાર રહે એ આપણી મૂળભૂત ફરજ છે.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
- info@trivediassociates.in

અમેરિકન સપનું જ્યારે આખા પરિવાર પર બરફની ચાદરના રૂપમાં મોતની ભેટ આપે છે

કેનેડા-અમેરિકાની સરહદ પર, - ૩૫ ડિગ્રી તાપમાનમાં સતત ૧૧ કલાક એક પરિવાર ચાલે છે. કલોલ તાલુકાના રિંગુચા ગામના મૂળ વતની જગદીશભાઈ બળદેવ ભાઈ પટેલની ઉમર ૩૫ વર્ષ છે અને તાપમાન પણ - ૩૫ ડિગ્રી છે. તેમની સાથે છે તેમનાં જીવનસાથી વૈશાલીબહેન. ૧૨ વર્ષની દીકરી વિંહંગા ઉર્ફે ગોપી અને માત્ર ત્રણ વર્ષનો પુત્ર ધાર્મિક. - ૩૫ ડિગ્રી તાપમાનમાં આ આખો પરિવાર ગેરકાયદે રીતે કેનેડા-અમેરિકાની સરહદ પાર કરતો હતો. એજન્ટની સૂચના પ્રમાણે આખું ગ્રુપ ચાલતું હતું. આ ચાર જણ પાછળ રહી ગયાં. કદાચ રસ્તો પણ ભૂલી ગયાં હશે. બરફની નીચે દબાઈ ગયેલા તેમના મૃતદેહ મળી આવ્યા છે. બાર વર્ષની દીકરી અને ત્રણ વર્ષના દીકરાની કેવી દશા થઈ હશે ? એમ તો વૈશાલીબહેન પણ કેવાં હેરાન થયાં હશે ? કલ્પના કરતાં જ ગાત્રો ધ્રુજવા લાગે છે. - ૩૫ ડિગ્રી તાપમાન, બરફનું તોફાન અને જોખમી હવામાન. એક આખો પરિવાર આંખમાં અમેરિકન સપનું આંજીને નીકળ્યો અને સરહદ પર દફનાઈ ગયો..

એવું મોત મળ્યું કે તેમના અગ્નિસંસ્કાર પણ ભારતની ભૂમિ પર નહીં થાય. આ દુર્ઘટના ચિંતાજનક છે અને વિચારમાં મૂકી દે તેવી છે.

હમણાં એવા વીડિયો પણ વાયરલ થયા છે જેમાં અમેરિકા (ગેરકાયદે રીતે) જવા નીકળેલા યુવાનોને કોઈ દેશમાં મારવામાં આવી રહ્યા છે. એક વીડિયો તો જોઈ પણ ના શકાય તેવો ક્રૂર છે. એવું પણ જાણવા મળ્યું છે કે કેટલાક કિસ્સાઓમાં તો મહિલાઓનું જાતીય શોષણ કરાય છે. અમેરિકા જાણે કે સ્વર્ગ હોય તેમ લોકો ત્યાં જવા અને સ્થાયી થવા તલસે છે. જે લોકો કાયદેસર રીતે નથી જઈ શકતા તે લોકો આ રીતે જાનનું જોખમ લે છે, કરોડો રૂપિયા એજન્ટોને આપે છે. પહેલાં લોકો મોક્ષ માટે તલસતા, હવે મોક્ષ આઉટ છે અને અમેરિકાના વિઝા ઈન છે. અમેરિકાના વિઝા મળ્યા એટલે બધુ મળ્યું. બસ, પછી જિંદગી સાર્થક. આ લેખ લખનારે, અમેરિકાથી પ્રકાશિત થતા એક સાપ્તાહિક માટે, અહીં અમદાવાદમાં ૧૪ વર્ષ પત્રકાર-સંપાદક અને નિવાસી તંત્રી ફરજ બજાવી. એક વખત અમેરિકાના વિઝિટર વિઝા લેવા પ્રયાસ કર્યો. ના મળ્યા. ના મળ્યા તો ના મળ્યા. અમેરિકા અમેરિકાના ઘરે અને આપણે આપણા ઘરે. ખોટી હાયવોય શું કરવાની... ... પણ લોકો અમેરિકાના વિઝા લેવા જીવ પર આવી જાય છે. વૈકુંઠથી વિમાન લેવા આવે તો તેને ના પાડીને અમેરિકાના પ્લેનમાં તેઓ બેસે છે. અમેરિકા જઈને, ડોલર કમાઈને, એયને વૈભવી જીવન જીવવાના હરેકને અભરખા હોય છે. ઘરઆંગણે તકોનો અભાવ, બેરોજગારીની સમસ્યા, ભ્રષ્ટ તંત્ર, લાગવગશાહી, યોગ્ય લોકોને થતો અન્યાય.. આ બધાથી ગળે આવી ગયેલા લોકોના હૃદયમાં અમેરિકાની પ્રાણપ્રતિષ્ઠા થાય છે. તેઓ કોઈ પણ ભોગે, કોઈ પણ રીતે અને પ્રીત અમેરિકા જવા તૈયાર થઈ જાય છે. બાપ-દાદાએ વારસામાં આપેલી જમીન વેચે છે, દાગીના વેચી નાખે છે, મોંઘાદાટ વ્યાજે પૈસા લે છે.. બસ, અમેરિકા જવું એટલે એટલે જવું. અહીંના અને ત્યાંના એજન્ટો તેમની આ ભાવનાનો ભરપૂર ગેરફાયદો ઉઠાવે છે. કેટલાક ગેરકાયદે રીતે જવામાં સફળ થાય છે કેટલાક નથી થતા. કેટલાક પકડાઈ જાય છે કેટલાક મોતના શરણે પણ થાય છે. કેટલાકની અવદશા થાય છે. ૨૦-૨૫ વર્ષથી પરિવાર વગર અમેરિકામાં રહેવું પડતું હોય તેવા પણ કિસ્સા છે. કેટલાકનો પરિવાર અમેરિકામાં હોય અને પોતે દેશમાં હોય તેવું પણ બને.. મારા બાપ, આવું તે કેવું સપનું ? જો પરિવાર સાથે તમે રહી ના શકો તો